# અરવલ્લીમાં ૧૨ ગ્રામ પંચાયતનાં આજે ઈ-લોકાર્પણ, ભૂમિ પૂજન

### રૂપાણી સરકારના ૫ વર્ષના શાસનની ગ્રામ પંચાયતોને ભેટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજ્ય સરકાર દ્વારા વિજયભાઈ રૂપાણીના યશસ્વી શાસનના ૫ વર્ષ પૂર્ણ થતાં શહેરી વિસ્તારોમાં અનેકવિધ કાર્યક્રમોનો આજથી આરંભ થઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં આજે બાયડ, મોડાસા, મેઘરજ તાલુકામાં નવી તૈયાર થયેલ ૬ ગ્રામ પંચાયતોના ઈ-લોકાર્પણ તેમજ બાયડ, માલપુર અને ધનસુરા તાલુકામાં ૬ ગ્રામ પંચાયતોના ભૂમિપૂજન કાર્યક્રમો રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે યોજાશે. ૫ વર્ષના શાસનમાં ગામડાંના સર્વાંગી વિકાસ માટે વર્તમાન સરકારે સૂપેરે પ્રયાસ કરી ખાસ કરીને વર્ષો જૂનાં જર્જરીત ગ્રામ પંચાયત ભવનના સ્થાને નવાં ભવન તૈયાર કરવાના હકારાત્મક અભિગમથી પ્રજામાં ખુશાલી છવાઈ છે.

જિલ્લામાં આખા ગામનો વહીવટ ગ્રામ પંચાયતોમાંથી થતો હોય છે પરંતુ મોટાભાગના વિસ્તારોમાં ગ્રામ પંચાયતો ભાડાના મકાનમાં અથવા તો જર્જરીત મકાનોમાં ચાલી રહી છે. ચોમાસા દરમ્યાન પંચાયતઘરમાંથી પોપડા પડવાથી માંડી મહત્વના દસ્તાવેજો ભીંજાઈ જવાની ઘટનાઓ અગાઉ નોંધાઈ હતી.

વર્ષોથી ખખડધજ ગ્રામ પંચાયતોના મકાનો નવાં બનાવવાની માંગ થઈ રહી હતી જેમાં ૫ વર્ષના ભાજપ સરકારના શાસન દરમ્યાન અસંખ્ય નવાં પંચાયત ઘર તૈયાર કરવામાં આવ્યાં છે જેમાં વર્તમાન સરકારની યશસ્વી કામગીરીના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકાની વાસણામોટા, મુનજીનામુવાડા, ગણેશપુર, છભૌ, મોડાસા તાલુકાની કોકાપુર અને મેઘરજ તાલુકાની વાઘપુર ગ્રામ પંચાયતના નવીન તૈયાર થયેલા પંચાયત ઘરનું મુખ્ય મંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ થશે. જ્યારે બાયડ તાલુકાના સાઠંબા, વાંટડા, માલપુર તાલુકાની મંગલપુર, હેલોદર તેમજ ધનસુરા તાલુકાની બાજીપુરા અને આકરૂન્દ્ર ગ્રામ પંચાયતના નવા મકાન માટે પણ ઈ-ભૂમિપૂજન થનાર હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં નવાં પંચાયત ઘર તેમજ જર્જરીત પંચાયતના મકાન નવાં બનાવવા માટે ભૂમિપૂજન કાર્યક્રમ આજે યોજાવવાના હોવાથી પ્રજામાં હરખ જોવા મળી રહ્યો છે.

# ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

### ૫ જિલ્લામાં ૨૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ઉત્તર ગુજરાતમાં ગત રોજ જાહેર થયેલા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. નિયમિત વિદ્યાર્થીઓ પરિણામથી ખુશ થયા છે. જેમાં ૫ જિલ્લામાં માત્ર ૨૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં આવ્યા છે. ઉત્તર ગુજરાતમાં કુલ-૧,૯૦,૭૬૫ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા. કોરોનાના કારણે પરીક્ષા રદ કરવાના નિર્ણય પછી વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો સરકારે નિર્ણય કર્યો હતો જેમાં શનિવારે સવારે ૮-૦૦ વાગે બોર્ડની વેબસાઈટ ઉપર પરિણામ મૂકવામાં આવતાં શાળાઓ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓને પરિણામની નકલ આપી જાણકારી આપવામાં આવી હતી.

ધો.૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કોરોનાના કારણે પરીક્ષા આપી શક્યા ન હતા પરંતુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા માટે ખાસ કમીટીની રચના કરવામાં આવી હતી જેમાં કમીટી દ્વારા ધો.૧૦, ૧૧ અને ૧૨ ની પરીક્ષા આધારે તૈયાર થયેલ ધો.૧૨નું પરિણામ ગત રોજ જાહેર કરવામાં આવ્યું છે જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં તમામ નિયમિત વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ૫ જિલ્લામાંથી કુલ-૨૦ વિદ્યાર્થીઓને જાહેર થયેલા પરિણામમાં એ-૧ ગ્રેડ આપવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ૨૨,૯૬૦, મહેસાણામાં ૧,૪૦,૬૭૭, પાટણમાં ૮૧૯૦, અરવલ્લી ૮૬૭૪ અને સાબરકાંઠામાં ૧૦,૨૬૪ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે તમામ માસ પ્રમોશનના કારણે ૧૦૦ ટકા પરિણામ સાથે ઉત્તિર્ણ કરવામાં આવ્યા છે.

### ગાંઠીયોલ હાઈસ્કુલનું ધો.૧૨ સામાન્ય પ્રવાહ પરિણામમાં ઝળકી

ઈડર તાલુકાની એ.પી.ઠાકર હાઈસ્કુલ ગત રોજ જાહેર થયેલા ધો.૧૨ સામાન્ય પ્રવાહના બોર્ડ પરિણામમાં ઝળકી છે.

હાઈસ્કુલના નિયમિત વિદ્યાર્થીઓ પૈકી ખુશી કમલેશકુમાર શુકલ ૯૩ ટકા, ધ્રુવિકુમારી દિલીપસિંહ જેતાવત ૭૮.૫૭ ટકા, દિવ્યાબેન અશ્વિનભાઈ પટેલ ૭૫.૪૨ ટકા, ભવ્ય ગીરીશભાઈ પટેલ ૭૩.૨૮ ટકા, ઉર્વિ દિપકભાઈ પટેલ ૭૨.૮૫ ટકા અને યશ્વિ ભાવેશભાઈ પટેલ ૭૨.૮૫ ટકા સાથે ઉત્તિર્ણ થતાં શ્રી આદર્શ કેળવણી મંડળના પ્રમુખ જનકભાઈ ઠાકર, મંત્રી ફલજીભાઈ પટેલ, આચાર્ય પ્રવિણસિંહ સીસોદીયા તેમજ ટ્રસ્ટીગણ સહિત શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લીના ૩૦ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ

### બીજી લહેરમાં મોતના હાહાકારથી રસી માટે ગામડાઓમાં કતારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેરમાં સંક્રમિત દર્દીઓના ટપોટપ મોત નિપજતાં હાહાકાર મચ્યો હતો. વધતા મૃત્યુ આંક પછી ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના રસી મુદ્દે લોકોમાં જાગૃતિ આવી છે જેમાં અત્યાર સુધીમાં જિલ્લાના ૩૦ ગામમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ થયું છે. કોરોનાની રસી લઈ ત્રીજી લહેરથી બચવા માટે ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લોકોની લાંબી કતારો લાગી રહી છે. આરોગ્ય વિભાગના ૧૦૦ ટકા રસીકરણના લક્ષ્યાંકમાં ગામડાઓમાં સફળતાપૂર્વક રસીકરણ આગળ ધપી રહ્યું છે જેથી આરોગ્ય વિભાગે ખાસ્સી રાહત અનુભવી છે.

કોરોનાના શરૂઆતના દિવસોમાં સંક્રમણ રોકવા માટે આરોગ્ય વિભાગના કર્મચારીઓ ગ્રામ્ય વિસ્તારમાં ઘરે..ઘરે ફરી પ્રજાને રસી લેવા માટે મજાવતા હતા છતાં પ્રજા ગેરમાન્યતાઓના કારણે રસીથી મોં ફેરવી હતી. જેથી રસીકરણ સફળ થાય તે માટે જિલ્લાના અધિકારીઓને ગામડામાં દોડવાની ફરજ પડી હતી. રસીકરણના પ્રયાસો વચ્ચે બીજી લહેર વધુ ઘાતક થઈ હતી જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં એક પછી એક કોરોના દર્દીઓના મોતનો સિલસિલો શરૂ થતાં પ્રજા રસી મૂકાવવા માટે દોડતી થઈ હતી. એકાએક રસીકરણ માટે ઘસારો વધતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એક તબક્કે રસી મુદ્દે અંધાધૂંધી જેવો માહોલ જોવા મળ્યો જો કે હવે બીજી લહેરમાં સંક્રમણ ઘટ્યું છે પણ તેની સામે ત્રીજી લહેરનું જોખમ જણાતાં રસીકરણ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લામાં ત્રીજી લહેરની ચાલતી તૈયારીઓ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણ ઝૂંબેશ સફળતા તરફ આગળ વધતાં અત્યાર સુધીમાં ૩૦ જેટલા ગામ ૧૦૦ ટકા રસીકરણથી સુરક્ષિત બન્યાનું આરોગ્ય વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. હાલ ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નિયત કરેલા દિવસોમાં રસીકરણની કામગીરી ચાલી રહી છે જેમાં રસી લેનારાઓની રોજ લાંબી કતારો લાગતી હોય છે.

# ઈડર તાલુકા ફળફળાદી અને શાકભાજી ઉત્પાદક ખરીદ વેચાણ મંડળીની બીજી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ધી ઈડર તાલુકા ફળફળાદી અને શાકભાજી ઉત્પાદક ખરીદ વેચાણ મંડળી સહકારી સંઘની શાકભાજી ઉત્પાદન ખરીદ વેચાણ મંડળી સહકારી સંઘ લી.ના સ્વચ્છ અને પારદર્શક વહીવટની નોંધ લેવાઈ રહી છે. ચેરમેન મંડળીના ચેરમેન અશોકભાઈ આર. પટેલ, અનિલભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, મુકેશભાઈ સોલંકી તેમજ સાબરકાંઠા જિલ્લાના



બીજી વાર્ષિક સાધારણ સભા ચેરમેન સતિષભાઈ એચ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ જેમાં વર્ષ દરમ્યાન ગત વર્ષના હિસાબો અને પત્રકો રજૂ કરવામાં આવ્યા હતા. વર્ચ્યુઅલી તથા પ્રત્યક્ષ હાજર સભાસદોએ સમગ્ર વર્ષ દરમ્યાન થયેલી કામગીરીની નોંધ લઈ ખુશાલી વ્યક્ત કરી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર ધી ઈડર તાલુકા ફળફળાદી અને સતિષભાઈ પટેલ અને તેમના વ્યવસ્થાપક મંડળે કરકસર ભર્યો વહીવટ કરી સૌનો વિશ્વાસ જીત્યો છે. યોજાયેલી સામાન્ય સભામાં ધારાસભ્ય હીતુ કનોડીયા, ખેતી બેન્ક સાબરકાંઠાના ચેરમેન ફલજીભાઈ પટેલ, સાબરડેરીના પૂર્વ ચેરમેન જેઠાભાઈ પી. પટેલ, સહકારી અગ્રણી પૃથ્વીરાજ પટેલ, ધી સાબરકાંઠા જિલ્લા ફળ અને શાકભાજી ઉત્પાદક ખરીદ વેચાણ સહકારી આગેવાનો વગેરે બીજી વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સી.ઈ.ઓ. પ્રકાશભાઈ પટેલ દ્વારા ગત વર્ષના હિસાબો અને પત્રકો રજૂ કર્યા હતા. ઉપસ્થિત પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલથી જોડાયેલા સભાસદોએ વર્ષ દરમ્યાનની કામગીરીની સરાહના કરી હતી તેમજ આવનારા વર્ષોમાં મંડળી વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# બાયડ પાલિકા વિસ્તારમાં શુદ્ધ પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ નંખાશે, રખડતાં ઢોર પાંજરાપોળ ધકેલાશે

### છેલ્લા ૧૫ વર્ષથી રખડતાં ઢોરના આતંકમાંથી મુક્તિ, ટૂંકમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ પાલિકાની સામાન્ય સભા શુક્રવારે પ્રમુખ સ્નેહલભાઈ પટેલની અધ્યક્ષતામાં અને ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવીણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, ચીફ ઓફીસર સાવીબેન સોની વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ જેમાં બાયડ પાલિકા વિસ્તારમાં પ્રજાને શુદ્ધ પીવાનું પાણી મળે, પ્રજા રોગમુક્ત રહે તે માટે ગાબટ રોડ પાણીની ટાંકી સહિત અન્ય વિસ્તારોમાં આર.ઓ. પ્લાન્ટ નાંખવાની કામગીરી હાથ ધરાશે જ્યારે છેલ્લા ૧૫ વર્ષથી રખડતાં ઢોરના કારણે સોસાયટીના રહીશો, વેપારીઓ, લારી-ગલ્લા વાળા પરેસાન રહેતા હતા પરંતુ રખડતાં ઢોરના આતંકમાંથી ટૂંક સમયમાં મુક્તિ મળશે. રખડતાં ઢોર પાંજરપોળ ધકેલવાનો નિર્ણય લેવાયો છે.

પાલિકાની સામાન્ય સભા શાસક અને વિપક્ષના સભ્યોની હાજરીમાં યોજાઈ વિપક્ષે બાયડ નગરપાલિકાના કેટલાક ઠરાવોમાં તટસ્થ રહેવાનો અભિગમ અપનાવ્યો હતો અને ત્યાર પછી કામ નં.૫ વંચાણે લીધા પછી વિપક્ષ કોંગ્રેસના સભ્યો અન્ય ઠરાવમાં ગેરહાજરી દર્શાવી સભાખંડ છોડી ગયા હતા. બાયડ પાલિકાની સામાન્ય સભામાં બાયડના સર્વાંગી વિકાસ ઉપર અધૂરા રહેલા વિકાસના કામો ઝડપથી પૂરા કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. પાલિકાના શાસક પક્ષના સભ્ય દ્વારા થયેલી રજુઆતની નોંધ કરી જેતે વિસ્તારની સમસ્યાઓ અને એ વિસ્તારના બાકી રહેતા વિકાસના કામોને ઝડપથી હાથ પર લેવા પ્રમુખ દ્વારા જણાવાયું હતું. કોઈ અડચણ ઉભી નહિ થાય તો ઓક્ટોબર-૨૦૨૧ના અંતમાં બાયડના નગરજનોને ૫૭૫ બેઠક વ્યવસ્થા ધરાવતા સુવિધા યુક્ત ટાઉનહોલ ખુલ્લો મુકવાનો નિરધાર વ્યક્ત કરાયો છે. જ્યારે બાયડમાં વધી રહેલા તસ્કરી સહિત અનેક ગંભીર બનાવોમાં સી.સી.ટી.વી. કેમેરા મહત્વના સાબિત થતાં હોય છે છેલ્લા કેટલાંક વર્ષથી બાયડ પાલિકા વિસ્તારમાં કેમેરા બંધ હાલતમાં છે જેથી નવા હાઈટેક કેમેરા સત્વરે કાર્યરત કરી શહેરી પ્રજા અને વેપારીઓ માટે ત્રીજા નેત્રની ટૂંકમાં સેવા કાર્યરત થશે.





# બાયડમાં જુગારની રેડ : ૨ જુગારી રૂા.૩૪૦ની રોકડ રકમ સાથે ઝડપાયા

### રાત્રે પોલીસે ઓચિંતી રેડ કરતાં જુગારીયાઓમાં નાસભાગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડની જૂની નગરપાલિકાના પાછળના ભાગે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ગત રાત્રે સ્થાનિક પોલીસે ઓચિંતી રેડ કરતાં કસ્બા વિસ્તારના ૨ જુગારી રૂા.૩૪૦ની રોકડ રકમ સાથે ઝડપાતાં લૉકઅપમાં ધકેલી દેવાયા હતા. જુગારની રમત માંડીને જુગારીયા બેઠા હતા તે સમયે પોલીસ પ્રગટ થતાં નાસભાગ મચી હતી. બનાવ અંગે બાયડ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

છેલ્લા કેટલાક સમયથી બાયડના ચોક્કસ વિસ્તારોમાં પોલીસના ભય વગર દેશી-વિદેશી દારૂના અડ્ડા તેમજ જુગારધામ ધમધમવા લાગ્યાં છે. દારૂની બદીએ માજા મૂક્યા પછી જાહેરમાં જુગાર રમવાની પ્રવૃત્તિ વેગમાં છે. બાયડના કસ્બા વિસ્તારના માજીદખાન દશુખાન બલોચ, ઈમ્તિયાઝમીયાં રાજુમીયાં મલેક સહિતના જુગારી બાયડની જૂનીનગરપાલિકાના પાછળના ભાગે હાર-જીતનો જુગાર રમતા હોવાની જાણકારી મળતાં પોલીસે ઓચિંતી રેડ કરી હતી જેમાં જુગાર સ્થળેથી ઉપરોકત બંન્ને જુગારી ગંજીપાના તેમજ રોકડ રકમ સાથે રંગેહાથે ઝડપાઈ ગયા હતા જ્યારે છેલ્લા કેટલાક સમયથી આ સ્થળે રાત્રિના સમયે જુગારમાં વ્યસ્ત રહેતા અન્ય જુગારીયાઓને પોલીસ રેડ કરવાની છે તેવી ગંધ આવી જતાં માત્ર ૨ જુગારીની અટકાયત કરવામાં આવી છે. બનાવ અંગે અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ અલ્પેશકુમાર અર્જુનસિંહની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે બાયડના ચોઈલા રોડ ઉપર પોલીસે રેડ કરી હતી જે સમયે કેટલાક જુગારીયાઓ પોલીસના સકંજામાં આવ્યા હતા પરંતુ કોર્ટમાંથી આસાનીથી જામીન મળી ગયા હોવાથી હવે અન્ય જુગારીયાઓની પણ હિંમત ખૂલી છે જેથી રાત પડે અનેક વિસ્તારોમાં હારજીતનો જુગાર ખુલ્લેઆમ રમાઈ રહ્યો છે.

# આજે હિંમતનગર ખાતે જ્ઞાન શક્તિ દિવસની ઉજવણી કરાશે

### હિંમતનગરની પોલિટેકનિક કોલેજ ખાતે વિદ્યાર્થીઓને નમો ઇ-ટેબલેટ વિતરણ સહિત લોકાપર્ણ-ખાતમૂહર્તના કાર્યક્રમ યોજાશે

બાયડ તા.૩૧

સમગ્ર રાજયમાં આજથી ૧લી ઓગસ્ટથી પ્રારંભ થનાર વિવિધ થીમ આધારિત થનાર કાર્યક્રમ ૯ ઓગસ્ટ સુધી રાજયભરમાં વિવિધ દિવસોની ઉજવણી કરાશે. જેમાં સાબરકાંઠા જિલ્લાથમાં પણ સરકારશ્રીની પાંચ વર્ષની ઉજવણી કરવામાં આવશે. જેમાં ૧લી ઓગસ?ટે જ્ઞાનશકિત દિવસ, ૨જીએ સંવેદના દિવસ, ૩જી ઓગસ્ટે અન્નોત્સીવ દિવસ, ૪થીએ મહિલા ગૌરવ દિવસ, ૫મી ઓગસ્ટી કિસાન સન્મા ન દિવસ, ૬ ઓગસ્ટન રોજગાર દિવસ, ૭મી ઓગસ્ટમ વિકાસ દિવસ, ૮મી ઓગસ્ટી શહેરી જન સુખાકારી દિવસ, ૯મી ઓગસ્ટટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે.

જેમાં જિલ્લોમાં ૧લી ઓગસ્ટ, રવિવારના રોજ સવારે ૧૦ કલાકે સરકારી પોલિટેકનિક હિંમતનગર ખાતે જ્ઞાન શકિત દિને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વનરભાઈ પરમારના હસ્તે જિલ્લાના ૧૨૧ સ્થળોએ નવિન ઓરડાઓનું ખાતમૂહર્ત/ લોકાપર્ણ તેમજ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ/આઈસીટી લેબનું લોકાપર્ણ કરાશે. આ ઉપરાંત જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ખેડબ્રહ્માના ખેરોજ પ્રાથમિક શાળા ખાતે જયારે તાલુકાકક્ષાનો કાર્યક્રમ પોશીનાના દંત્રાલ તથા જોટાસણ પ્રાથમિક શાળા ખાતે યોજાશે. આ ઉપરાંત રૂ. ૩.૫૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૧૦ શાળાના ૩૯ વર્ગખંડોનું લોકાપર્ણ, રૂ. ૨.૬૭ કરોડના ખર્ચે ૪ શાળાઓમાં તૈયાર થનાર વર્ગખંડોનું ખાતમૂહર્ત, જિલ્લાની ૧૦૬ શાળાઓમાં રૂ. ૩.૨૧ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાપર્ણ તથા રૂ. ૧૩.૬૯ લાખના ખર્ચે તૈયાર ICT LABનું એક શાળામાં લોકાપર્ણ કરવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન ઉચ્ચ શિક્ષણ વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજના અંતર્ગત મળવાપાત્ર સહાયનું વિતરણ કરાશે. જેમાં વિધાર્થીઓને નમો ઇ-ટેબલેટ, શોધ યોજનાના લાભાર્થીઓ, એમવાયએસવાય યોજના તેમજ અન્ય યોજનાઓના લાભાર્થીઓને લાભ સહાયનું વિતરણ કરવામાં આવશે.

# સાબરકાંઠા જીલ્લામાં ટોબેકો કંટ્રોલ સેલની ખાસ ડ્રાઇવ

બાયડ તા.૩૧

સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારિશ્રીની સુચના અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ટોબેકો કંટ્રોલ સેલ - સાબરકાંઠા દ્વારા તારીખ ૧૯ થી ૨૯ જુલાઈ ૨૦૨૧ દરમિયાન ડીસ્ટીકટ ટોબેકો સેલ દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવ કરવામાં આવી હતી.

જેમાં ડીસ્ટીકટ ટોબેકો સેલના કન્સલ્ટન્ટ ડો. ચિરાગ મોદી, ઈ.એમ.ઓશ્રી ડૉ.કાપડીયા તથા તેમની ટીમ ધ્વારા સમગ્ર જીલ્લામાં ડ્રાઈવ યોજી તમાકુ અધિનિયમ – ૨૦૦૩ ની કલમ -૪ - જાહેર જગ્યાએ ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ, તથા કલમ ૬- અ - ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુના વેચાણ કરવા પર પ્રતિબંધ તથા ૬ - બ - અંતર્ગત શૈક્ષણીક સંસ્થાની ૧૦૦ યાર્ડ ની ત્રિજ્યામાં તમાકુના વેચાણ કરવા પર પ્રતિબંધ જેવી કલમો હેઠળ કુલ – ૧૨૨ કેસ કરી રૂ. ૨૧૦૭૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.આ ડ્રાઈવ દરમિયાન તમાકુ વિક્રેતાઓને તમાકુના વ્યસનથી થતા શારીરિક અને આર્થિક નુકશાન અંગે માર્ગદર્શિત કરી તમાકુ અધિનિયમની વિવિધ કલમના પ્રમાણિકપણે કાયદાનાં નિયમોનું પાલન કરવા અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતા.






### બાંખોર ગામે મમતા દિનની ઉજવણી...

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના બામણા પ્રાથમિક આરોગ કેન્દ્રના હિમતપુર સબસેન્ટર હેઠળના બાંખોર ગામે બુધવારના રોજ મમતા દિવસ અંતર્ગત કોમ્યુનિટી હેલ્થ ઓફિસર જાગૃતિબેન ડામોર તેમજ આરોગ્ય કર્મી ઈન્દિરાબેન પટેલ દ્વારા સગર્ભા માતાઓની તાપસ તથા આંગણવાડીના બાળકોના આરોગ્યને લગતી તબીબી તાપસ કરવામાં આવી હતી. આ પ્રસંગે આશા કાર્યકર જશોદાબેન સોલંકી, તેડાગર આશાબેન પ્રજાપતિ તેમજ તેજશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## દુઃખદ અવસાન



હાલ વડોદરા નિવાસી, ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના રમેશભાઈ મોતીભાઈ પટેલ(નિવૃત્ત ડેપ્યુટી કમિશનર : વડોદરા મહાનગર પાલિકા)ના ધર્મપત્નિ મીનાબેન પટેલનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનુંબેસણુંતા.૩ ઑગષ્ટ, મંગળવાર સવારે ૧૦-૦૦થી ૧-૦૦ આકરૂન્દ સ્વામિનારાયણ મંદિર હોલ, આકરૂન્દ, તા.ધનસુરા ખાતે રાખેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

CHANGE NAME
I have Changed My Name From
ANSUYABEN
RAMODCHANDRA
PUROHIT
TO
ANSUYABEN
PRAMODKUMAR
PUROHIT
Add.: AT. PO. BAYAD,
TA. BAYAD,
DIST. ARAVALLI - 383325